# ધોરણ-11
# ઈતિહાસ
## અભ્યાસક્રમ સંરચના

**સામાન્ય હેતુઓ :**

(1) જ્ઞાન (Knowledge) : વિદ્યાર્થીઓ ઐતિહાસિક જ્ઞાન મેળવે.

(2) સમજ (Understanding) : વિદ્યાર્થીઓ ઐતિહાસિક સમજ કેળવે.

(3) જ્ઞાનનો ઉપયોગ (Application of Knowledge) : વિદ્યાર્થીઓ મેળવેલા જ્ઞાનનો ઉપયોગ કરે.

(4) કૌશલ્યો (Skill) : વિદ્યાર્થીઓ અપેક્ષિત કૌશલ્યો કેળવે.

(5) માનસિક શક્તિઓ (Mental abilities) : વિદ્યાર્થીઓ વિવિધ માનસિક શક્તિઓ વિકસાવે.

(6) રસ-અભિરુચિ (Interest) : વિદ્યાર્થીઓ ઈતિહાસમાં રસ-અભિરૂચિ કેળવે.

(7) માનસિક વલણ (Mental attitude) : વિદ્યાર્થીઓ ઈચ્છનીય માનસિક વલણો કેળવે.

(8) ચારિત્ર્ય-નિર્માણ (Character building) : વિદ્યાર્થીઓનું ઈતિહાસના અભ્યાસ દ્વારા યોગ્ય ચારિત્ર્ય ઘડતર થાય.

**વિશિષ્ટ હેતુઓ :**

(1) વિદ્યાર્થીઓ નકશા ચાર્ટસ, ચિત્રો, આકૃતિઓ અને સમય રેખા દોરવાનું કૌશલ્ય કેળવે.

(2) નમૂનાઓ, પ્રતિકૃતિઓ બનાવવાનું કૌશલ્ય કેળવે.

(3) ઐતિહાસિક સાહિત્ય, સાધન-સામગ્રી, ચિત્રો, શિલ્પ અને સ્થાપત્ય પ્રત્યે અભિરૂચિ કેળવે.

(4) ઐતિહાસિક સંશોધનમાં રસ લેતા થાય.

(5) ઐતિહાસિક માહિતીનું વિચારણા પૂર્વેનું વિવેચન કરવાની, તથ્ય માહિતીનું સંકલન કરવાની શક્તિ વિકસાવે.

(6) ઈતિહાસના પારિભાષિક શબ્દોની સંકલ્પનાની સમજ કેળવે.

(7) પ્રાચીન ઐતિહાસિક સ્થળોની અને તેના વારસાની રૂચિ દર્શાવે

(8) માનવ સંસ્કૃતિની શરૂઆતથી થયેલ ક્રમિક વિકાસનો ખ્યાલ મેળવે.

(9) પારિભાષિક શબ્દો, સમયભાન અને સ્થળ ભાનનો ખ્યાલ મેળવે.

(10) ભારતીય સંસ્કૃતિ અને સામાજિક વારસાનું મૂલ્ય સમજે.

(11) પોતાના દેશ અને અન્ય રાષ્ટ્રોના સાંસ્કૃતિક વિકાસની સમજ કેળવે.

(12) વૈદિકયુગના લોકોના પ્રાચીન-રીતરિવાજ, વૈદિક યુગના ભારતની ધાર્મિક અને આધ્યાત્મિક વિધિઓ, પ્રણાલિકાઓ વિશે માહિતી દર્શાવે

(13) વેદોમાં વર્ણવાયેલા રાજકીય સંગઠનો, 'સભા', 'સમિતિ', 'રાષ્ટ્ર' વિશે જ્ઞાન-માહિતી મેળવે.

(14) મૌર્યયુગના શાસન સમય દરમિયાન સામાજિક જીવન, ધર્મ, સંસ્કૃતિ, શિક્ષણ, સાહિત્ય અને કલાક્ષેત્રે થયેલી તાત્કાલિક અને ચિરંજીવી અસરોની સમજ કેળવે.

(15) સમ્રાટ અશોકના જીવન દરમિયાન બનેલા બનાવો, જીવનકાર્ય વિશે માહિતી મેળવે.

(16) ઐતિહાસિક બનાવ પાછળ રહેલ કાર્યકારણ સંબંધ ઓળખે.

(17) સમય રેખા પર બનાવો નોંધવાનું કૌશલ્ય કેળવે.

(18) જૈન ધર્મના મુખ્ય સિદ્ધાંતો, તત્ત્વજ્ઞાન અને આધ્યાત્મિક બાબતો અને તેના વિવિધ ક્ષેત્રે આપેલા ફાળાનું જ્ઞાન મેળવે.

(19) ગૌતમ બુદ્ધના જીવન અને કાર્યની માહિતી મેળવે.

(20) દેશના ધાર્મિક, રાજકીય તથા સામાજિક મૂલ્યોનું ગૌરવ અને આદર જાળવવાનું વલણ કેળવે.

(21) મધ્યયુગનો વારસો, પ્રદાન અને મહત્ત્વની વિગતો દર્શાવે.

(22) જૂનાગઢના શૈલલેખો પરથી ઐતિહાસિક માહિતી મેળવે.

## પ્રાચીન ભારતનો ઈતિહાસ

### એકમ 1 : ભારતીય ઈતિહાસ

* ઈતિહાસ લેખનની પરંપરા - અર્વાચીન ઈતિહાસ- ઈતિહાસ લેખનકલાનો આરંભ
* ઈતિહાસ સાથે સંબંધિત પરંપરાગત લેખનનું મહત્ત્વ
* ભારતના પરંપરાગત ઈતિહાસની મર્યાદાઓ અને મહત્ત્વ
* પ્રાચીન ભારતનો ઈતિહાસ જાણવા માટેનાં સાધનો, કાર્યક્ષેત્ર, સ્વરૂપ અને પદ્ધતિ, - સાહિત્યિક, પુરાતત્વિક, વિદેશીઓના અહેવાલો.

### એકમ 2 : હડપ્પીય સંસ્કૃતિની સભ્યતા

* શોધખોળ
* વિસ્તાર અને પ્રાચીનતા
* સભ્યતાના લેખકો
* નગર આયોજન અને ભૌતિક જીવન

→ મકાનો → ભવ્ય સ્નાનાગાર

→ રસ્તાઓ → કોઠારો (અનાજ સંગ્રહ માટેના)

→ ભૂગર્ભ ગટર યોજના → કિલ્લેબંધી વગેરે

* **સામાજિક જીવન-આર્થિક પ્રવૃત્તિઓ :**

→ વજન અને માપનાં સાધનો

→ ઓજારો અને તેના ઉપયોગો

→ ઔષધિઓ

→ હથિયારો (શસ્ત્રો)

→ વેપાર અને વાણિજય

* ઉદ્યોગો :
  - → વણાટકામ
  - → માટીનાં વાસણોનું નિર્માણ : મુદ્રાંઓ, ધાતુઓ અને પથ્થરો
  - → આધ્યાત્મિક અને ધાર્મિક જીવન
  - → યોગિક માટી
  - → પથ્થરની મૂર્તિઓ (Yogic Figuring યોગિક ફિગ્યુરન્સ)
  - → માતૃ દેવીઓ (Mother Goddess)
  - → શિવ-પૂજા
  - → પ્રકૃતિ પૂજા
  - → પ્રાણીપૂજા
  - → અગ્નિજળ - પૂજા
  - → કલા અને સૌંદર્યશાસ્ત્ર (Aesthetics - એસ્થેટિક્સ )
  - → વસ્ત્ર પરિધાન
  - → અલંકારો
  - → ગૃહ ઉપયોગી અને સૌંદર્ય પ્રસાધનોને લગતી બાબતો
  - → રમતગમત અને રમકડાં વગેરે
  - → હડપ્પાકાલીન લિપિ
* અન્ય સમકાલીન સંસ્કૃતિઓના પ્રદેશો સાથેના સંપર્કો વૈદિક યુગને જોડતી કડીઓ
* હડપ્પા સભ્યતાનો વારસો

## એકમ 3 : વૈદિક ધર્મ અને સંસ્કૃતિ - 1

* વૈદિક સાહિત્ય
* પૂર્વ સાહિત્ય અને ઉત્તરકાલીન વૈદિક યુગનું પૃથક્કરણ
* વૈદિક સાહિત્યમાં ભારત વિશેના ઉલ્લેખો
* વૈદિક સંસ્કૃતિના ભૌગોલિક જ્ઞાનનું વિસ્તરણ
* વેદો (સંહિતાઓ) અને વૈદિક યુગના લોકોના પ્રાચીન-રીતરિવાજ
* વૈદિક યુગના ભારતની ધાર્મિક અને આધ્યાત્મિક વિધિઓ
* પ્રણાલિકાઓ
* વેદોમાં વર્ણવાયેલ ભૌતિક સંસ્કૃતિ
* રાજકીય સંગઠનો : 'સભા', 'સમિતિ', 'રાષ્ટ્ર' વગેરે
* સૈદ્ધાંતિક અને વ્યાવહારિક અભિગમ - સામાજિક સંગઠન
* આર્થિક પ્રવૃત્તિઓ - લલિતકલાઓ, વિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર
  (ઈ.સ. પૂર્વેની ત્રીજીથી ઈ.સ. પૂર્વેની પહેલી સદી સુધી)

## એકમ 4 : વૈદિક ધર્મ અને સંસ્કૃતિ - 2

* ઉપનિષદોમાં વર્ણવાયેલ આધ્યાત્મિક અને દાર્શનિક (Philsophical) વિચારધારા
* બ્રાહ્મણ ગ્રંથો અને સૂત્ર સાહિત્ય
* જૈન, બૌદ્ધ અને અન્ય નૂતન પ્રવાહોની વિચારધારાઓનું પુરોગામી ઉપનિષદોની વિચારધારા સાથેનું અનુસંધાન
* વૈશ્વિક તત્ત્વજ્ઞાનના વારસામાં ભારતનું પ્રદાન - (વૈદિક અને અનુવૈદિક યુગનો) વારસો અને તેનું મહત્ત્વ
* વૈશેષિક
* ન્યાય
* સાંખ્ય * યોગ * પૂર્વ મીમાંસા * ઉત્તર મીમાંસા

## એકમ 5 : જૈન ધર્મ અને બૌદ્ધ ધર્મ

* મહાવીર સ્વામી પૂર્વેના 23 તીર્થંકરો
* જૈન ધર્મનો ઉદ્ભવ અને વિકાસ
* જૈન ધર્મના મુખ્ય સિદ્ધાંતો
* તત્ત્વજ્ઞાન અને આધ્યાત્મિક બાબતો
* જૈન ધર્મ : ધર્મગ્રંથો અને મૂર્તિઓ
* મહાવીર સ્વામી પછી જૈન ધર્મનો પ્રસાર
* જૈન ધર્મનું પ્રદાન
* ગૌતમ બુદ્ધ : પૂર્વજીવન - 'ધમ્મ'
* બૌદ્ધ ધર્મના સિદ્ધાંતો - 'સંઘ',
* બૌદ્ધ અનુયાયીઓનું સંગઠન -
* બૌદ્ધ સંઘનું સંગઠન અને ઇતિહાસ
* બૌદ્ધ ધર્મનો પ્રસાર
* બૌદ્ધ શિલ્પકલા
* બૌદ્ધ સાહિત્ય અને તેમાં વર્ણિત ભારત
  - 'ત્રિપિટકો', 'નિકાયો'
  - 'સુત નિપાત', 'થેરી ગાથા', 'જાતક કથાઓ'
* બૌદ્ધ ધર્મના પંથો - 'મિલિન્દ પન્હો'

## એકમ 6 : મહાજન પદો

* 16 - મહાજન પદો
* સ્વતંત્ર અને સાર્વભૌમ રાજ્યોનો સમુદાય
* મગધના સામ્રાજ્યનો ઉદય અને વિસ્તાર : કારણો અને પરિણામો
* ઈરાની અને મેસિડોનિયાના ભારત પરનાં આક્રમણો અને તેનાં પરિણામો

## એકમ 7 : મૌર્ય યુગ

* રાજકીય પરિસ્થિતિ (મૌર્ય યુગ ઉદય પૂર્વેની) ચાણક્ય અને તેના ભૌગોલિક તથા રાજકીય એકતા સાધવાના પ્રયાસો
* ચન્દ્રગુપ્ત મૌર્યનો ઉદય
* ભારતની રાજકીય એકતાના નિર્માણ માટેના મૌર્યના પ્રયાસો
* મૌર્ય સામ્રાજ્યનો વિસ્તાર અને એકીકરણ, અશોક અને તેના શરૂઆતના વિજયો અને અશોકના સામ્રાજ્યનો વિસ્તાર
* કૌટિલ્યનું અર્થશાસ્ત્ર
* મૌર્યયુગીન વહીવટીતંત્ર :

→ સમાજ → ભાષા

→ અર્થતંત્ર → વિજ્ઞાન અને ટૅક્નોલૉજી

→ ધર્મ → હસ્તકલા - કારીગીરી

→ કલા અને સ્થાપત્ય

* હસ્તકલાના કારીગરો અને તેમનાં સંગઠનો
* વેપાર અને વાણિજ્ય
* આંતરિક અને વિદેશ વ્યાપાર
* તેમના અભિલેખો
* અશોક અને બૌદ્ધ ધર્મનો પ્રચાર
* વિદેશો સાથેના સંપર્કો
* ઉત્તરકાલીન મૌર્ય રાજાઓ અને મૌર્ય સામ્રાજ્યનું પતન - કારણો -
* મૌર્યયુગનો વારસો

## એકમ 8 : ઈ.સ. પૂર્વે 300 થી ઈ.સ. 300 દરમ્યાન

સમકાલીન સાહિત્યમાં પ્રતિબિંબિત થતું સામાજિક જીવન-

* મહાકાવ્યો (રામાયણ, મહાભારત)નું સાહિત્ય
* ધર્મશાસ્ત્રો અને સ્મૃતિ ગ્રંથો
* સંગમ અને અન્ય સાહિત્ય
* સામાજિક સ્થિતિ : 'જ્ઞાતિપ્રથા', જીવનના ચાર આશ્રમો, કુટુંબ જીવન, લગ્ન સંસ્થા અને સ્ત્રીઓનો દરજ્જો
* સૌંદર્ય પ્રસાધનો - 'વસ્ત્ર પરિધાન'
  - અલંકારો
  - ખોરાક - પીણાં
* સામાન્ય જીવન : ભૌતિક સુખસગવડોની પ્રાપ્તિમાં પ્રગતિ

* વિજ્ઞાન અને ટેક્નોલૉજી
* વિદેશો સાથેનો વેપાર અને વાણિજ્ય
* ભારતના વિશ્વનાં દેશો સાથેના સંબંધો :
  * ભારત અને ગ્રીસ, ભારત અને ઇજિપ્ત (મિસર), ભારત અને રોમન સામ્રાજ્ય
  * ભારત અને મધ્ય એશિયા
  * ભારત અને શ્રીલંકા
  * ભારત અને પૂર્વ (અગ્નિ) એશિયા

**એકમ 9 : ગુપ્ત અને હર્ષકાલીન ભારત**

* ગુપ્તોનો ઉદય
* ચન્દ્રગુપ્ત પહેલો
* સમુદ્રગુપ્ત અને ચંદ્રગુપ્ત બીજો, તેમના વિજયો અને વિક્રમાદિત્યની પ્રણાલિકા
* ગુપ્ત સામ્રાજ્યનો વિસ્તાર અને એકીકરણ
* ગુપ્તોની રાજનીતિ
* વહીવટી તંત્ર - અનુગામી ગુપ્ત સમ્રાટો અને ગુપ્ત રાજ્યસત્તાનું પતન
* ભારતને એક કરવાના ગુપ્ત સમ્રાટોના પ્રયાસો
* ગુપ્ત સામ્રાજ્યના પતન પછીનું ભારત
* વલભીનો ઉદય
* રજપૂતાનાના ગૂર્જરો અને નાન્દીપુરી

**એકમ 10 : ગુપ્ત યુગ અને હર્ષવર્ધનના સમયનો સમાજ અને સંસ્કૃતિ**

* સાહિત્ય : સંસ્કૃતિ, તામિલ, વિદેશી પ્રવાસીઓના અહેવાલો
* ધર્મ :
  - જૈન અને બૌદ્ધ ધર્મ
  - શૈવ અને વૈષ્ણવ ધર્મ
  - નાના ધર્મો-સંપ્રદાયો,
  - ખ્રિસ્તી ધર્મ
* ફાહિયાન દ્વારા વર્ણવાયેલ ભારત
* કલા અને સ્થાપત્ય
* શિલ્પકલા : - અજન્તા, બાઘ વગેરેની ચિત્રકલા - ગુફામંદિરો
  - પકવેલી માટીની મૂર્તિઓ (Terra Cotta), સિક્કાઓ અને મુદ્રાઓ
* વિજ્ઞાન અને ટેક્નોલૉજીના ક્ષેત્રે સિદ્ધિઓ
* સામાજિક સ્થિતિ-શિક્ષણ - આર્થિક સ્થિતિ
* ભારત અને વિશ્વના દેશો : ચીન, મધ્ય એશિયા, તિબેટ, દક્ષિણ-પૂર્વ (અગ્નિ) એશિયાના દેશો
* વિશ્વ સાથે વેપાર વાણિજ્ય
* દેશોના વિશેષ સંદર્ભ સાથે વિશ્વ સંસ્કૃતિ ઉપર અસર

**એકમ 11 : હર્ષવર્ધન પછીના સમયમાં ભારતીય સમાજ અને સંસ્કૃતિ**

* ભાષા અને સાહિત્ય
* ધર્મ અને ચિંતન (તત્ત્વજ્ઞાન)
* સામાજિક અને આર્થિક જીવન
* કલા અને સ્થાપત્ય
* વિજ્ઞાન અને ટેક્નોલૉજી
* વેપાર અને વાણિજ્ય
* હસ્તકલા કારીગરીના ઉદ્યોગો
* અગ્નિ એશિયા અને પૂર્વ એશિયાના સવિશેષ સંદર્ભ સાથે વિદેશોમાં ભારતીય સંસ્કૃતિનો પ્રસાર

**મધ્યયુગીન ભારત**

**એકમ 12 : મધ્ય યુગ**

* મધ્ય યુગનો ઇતિહાસ જાણવા માટેનાં સાધનો
* ઇસ્લામનો ઉદય અને અરબસ્તાન
* આરબોનાં ભારત પરનાં આક્રમણો અને તેની અસરો
* અગ્નિ એશિયા અને પૂર્વ એશિયાના વિશેષ સંદર્ભ સાથે ભારતનો વિશ્વના દેશો સાથેનો સંપર્ક

**એકમ 13 : ગઝનવીનો ઉદય**

* સબુક્ત ગીન - મહેમૂદ
* તુર્કોનાં આક્રમણો
* 'દિલ્હી સલ્તનત'ની સ્થાપના : વિસ્તારના તબક્કાઓ
* તૈમૂરનાં આક્રમણો અને તુઘલક વંશનો અંત
* સલ્તનતના અનુગામીઓ :- ગુજરાત - ખાનદેશ અને માળવા-જૌનપુર-બંગાળ, સિંધ અને મુલતાન
* સરકારી તંત્ર અને દિલ્હી સલ્તનત નીચેનું જીવન
* સામાજિક અને આર્થિક જીવન
* ધર્મો
* વસ્તીનાં વલણો - કલા અને સ્થાપત્ય

**એકમ 14 : ભારતમાં નાનાં રાજ્યોનો ઉદય - વિકાસ**

* નાનાં રાજ્યોનો વિકાસ : → મેવાડ અને મારવાડ (રાજસ્થાન)

  → ઓરિસ્સાનાં ગંગેય અને ગજપતિઓ

  → કાશ્મીરનું રાજ્ય

  → 'ચોલ' સામ્રાજ્ય : મહાન રાજરાજથી રાજેન્દ્ર ત્રીજા સુધી

  → સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના વિશેષ સંદર્ભ સાથે રાજકીય સ્થિતિ

  → ભાષા અને સાહિત્ય-ધર્મ અને તત્ત્વજ્ઞાન

* સામાજિક અને આર્થિક સ્થિતિ કલા અને સ્થાપત્ય
* સાંસ્કૃતિક સામ્રાજ્યનો પ્રસાર
* યાદવો, સેનો, દેવ રાજવંશોનો પૂર્વીય ભારતમાં ઉદય
  - અસમનું રાજ્ય - ત્રિપુરા, મણિપુર અને જૈન્તિયાનાં રાજ્યો
  - નેપાળ અને બિહાર - રાષ્ટ્રકુટો અને ગઢવાલો
  - ચંદેલો અને કલચૂરીઓ
  - ત્રિપુરી, રત્નપુર, ગંગેયનાં રાજ્યો - સોમવંશીયો
  - હોયસાલો અને પછીનાં પાંડ્ય રાજવીઓ
  - વિજયનગર અને બહમની રાજ્યોનો યુગ, રાજકીય ઇતિહાસ
  - વિજયનગર સામ્રાજ્યનું જનજીવન, વેપાર અને વાણિજ્ય - વેપાર વાણિજ્ય
  - મહત્ત્વનું પ્રદાન
  - મલબાર અને પોર્ટુગીઝો (ફિરંગીઓ)નું આગમન

**એકમ 15 : મુઘલ યુગ**

* મુઘલોનું આગમન, મુઘલોના શરૂઆતનાં આક્રમણો અને તેનાં પરિણામો
* બાબર, હુમાયુ, શેહશાહ સુરી, અકબર, જહાંગીર, શાહજહાં, ઔરંગઝેબના સમયની મુઘલોની રાજકીય, સામાજિક અને સાંસ્કૃતિક સ્થિતિ
* નાનાં રાજ્યો સાથેનું જોડાણ (Collaboration)
* મુઘલ રાજ્યસત્તાનો પ્રતિકાર

→ રાજપૂતો → સતનામીઓ

→ શીખો → બુંદેલાઓ

→ જાટ → ગુજરાત અને કાશ્મીર

→ મરાઠાઓ

* મુઘલ સામ્રાજ્યની વિશિષ્ટતાઓ
* મુઘલ સામ્રાજ્યના યુગ દરમ્યાનનું જનજીવન અને તે સમયની સ્થિતિ : સામાજિક અને આર્થિક સ્થિતિ, ભાષા અને સાહિત્ય, કલા અને સ્થાપત્ય, ધર્મ અને તત્ત્વજ્ઞાન, વિજ્ઞાન અને ટેક્નોલૉજી વગેરે
* મધ્યયુગનો વારસો
* પ્રદાન અને મહત્ત્વ

# ધોરણ-11 : ઈતિહાસ

## પ્રકલ્પો (Projects) અને પ્રવૃત્તિઓ :

* કોઈ એક મ્યુઝિયમ (સંગ્રહસ્થાન)ની મુલાકાત લો. ત્યાં ભારતના પ્રાચીન યુગ અને મધ્યયુગના ઈતિહાસ માટેના કયાં કયાં આધાર-સાધનો છે તેની યાદી બનાવો.
* નીચેના લેખકોના લખાણના આધારે જે તે સમયની ભારતની રાજકીય, સામાજિક, આર્થિક, ધાર્મિક વગેરે સ્થિતિ અંગે નાના લેખો તૈયાર કરો.
    * અલબિરુનીએ લખેલા 'તારીખે-હિંદ' નામના ગ્રંથ આધારે
    * ચીની પ્રવાસીઓ ફાહિયાન, યુઅન સ્પાંગ, ઈત્સિંગના પ્રવાસ વર્ણવો
    * આફ્રિકન પ્રવાસી ઈબ્નબતૂતાના પ્રવાસ વર્ણન
    * ફ્રેંચ મુસાફરો બર્નિયર, ટેપનિર્યર, થેયોનોરનો લખાણ
* પુરાતત્ત્વખાતાના કાર્યાલયમાં જઈને ત્યાંના અધિકારીઓ પાસેથી પુરાતત્વીય ખોદકામ કઈ રીતે થાય છે તેની માહિતી મેળવો. કોઈ સ્થળે ખોદકામ ચાલુ હોય તો ત્યાં જઈને તે ખોદકામની પ્રક્રિયા નિહાળો અથવા ખોદકામ કરતા સમયના ફોટાઓ મેળવો.
* લોથલ, રંગપુર, રોજડી, પ્રભાસ કે ધોળાવીરા - તમને અનુકૂળ હોય તે સ્થળનો પ્રવાસ ગોઠવો. ત્યાં રાખેલા હડપ્પીય સભ્યતાના અવશેષોનો અભ્યાસ કરો.
* હડપ્પીય સંસ્કૃતિમાંથી મળી આવેલ રમકડાં, મૂર્તિઓ, મુદ્રાઓના માટીના નમૂના તૈયાર કરો.
* નીચેના હડપ્પીય સંસ્કૃતિનાં સ્થળના નામ એશિયાના રેખાંકિત નકશામાં દર્શાવો : મોજો દડો, લોથલ, હડપ્પા, રંગપુર, હાલીબંગન, દેશળપુર, ધોળાવીરા
* ભારતના નકશામાં વેદ સમયના આર્યાવર્તનું સ્થાન તથા તેનો વિસ્તાર દર્શાવો.
* વેદ્યુગના વસિષ્ઠ અને વિશ્વામિત્ર જેવા સમર્થ પુરોહિતો વિશે તથા અપાલા, ઘોષા, લોપામુદ્રા જેવી વિદૂષી સ્ત્રીઓ વિશે વિશેષ માહિતી મેળવો.
* વેદોના મંત્રો કઈ રીતે ઉચ્ચારાય છે તેનું જ્ઞાન મેળવો. (કોઈ કર્મકાંડી પુરોહિત પાસેથી અથવા કોઈ જગ્યાએ યજ્ઞ થતો હોય તો ત્યાંથી અથવા 'ચાણક્ય' કે 'ભારત-એક ખોજ' જેવી ટી.વી સિરિયલના આરંભ ગાનના શ્રવણ દ્વારા તેનો ખ્યાલ મેળવો.)
* રામાયણ અને મહાભારતનાં તમને ગમતા પ્રસંગો શાળામાં ભજવો.
* શેત્રુંજય, ગિરનાર અને આબુ ઉપરનાં જૈન દેરાસરોની મુલાકાત લઈ તેનાં સ્થાપત્ય તથા શિલ્પની વિશિષ્ટતાઓની નોંધ તૈયાર કરો.
* જૂનાગઢની ઉપરકોટની તથા તળાજાના એભલમંડપની બૌદ્ધગુફાઓની મુલાકાત લો.
* અજંતા અને ઈલોરાની મુલાકાત લઈ ત્યાંનાં સ્થાપત્ય, શિલ્પ અને ચિત્રકલા નિહાળો.
* ગાંધાર શૈલીની બુદ્ધમૂર્તિઓના ફોટાઓ એકઠા કરો, આલ્બમબનાવો
* હિંદુ, બૌદ્ધ તથા જૈન ધર્મનાં ગ્રંથો તથા તેમના પ્રવર્તકોની માહિતી મેળવો.

* જૂનાગઢમાં ગિરનારના શૈલ લેખોનું અવલોકન કરો. તેના પર અશોકના ચૌદ ધર્મ લેખ, રુદ્રદામાના લેખ અને સ્કંધ ગુપ્તના લેખનો અભ્યાસ કરો. આ લખાણનું ગુજરાતીમાં અનુવાદ થયેલ છે તે મેળવી પાચન કરો.
* ભારતના રૂપરેખા નકશામાં મધ્યયુગીન ભારતના નાનાં રાજ્યોના નામ અને રાજધાનીમાં નગરો દર્શાવો.
* ભારતના રેખા નકશામાં હનોજ, વાત્તાપિ, પૈઠાણ, વલભી, કાંચી વગેરે સ્થળો દર્શાવો.
* રાજપૂત સ્થાપત્યકલાનાં ચિત્રો મેળવી પ્રદર્શન યોજો.
* ભારતના નકશામાં રાજપૂત રાજ્યો દર્શાવો.
* અકબરના સામાજિક સુધારાઓ લક્ષમાં રાખી અત્યારના સમાજનાં દૂષણો શોધી, તેના ઉપાયો સૂચવો.
* જૂથ ચર્ચાસભાનું આયોજન કરો.
* વકતૃત્વ, નિબંધ સ્પર્ધાઓનું આયોજન કરો.
* સિક્કાઓ, શિલાલેખો, સ્તંભલેખો, તામ્રપત્ર વગેરે ઇતિહાસ લેખનમાં કઈ રીતે ઉપયોગી થાય છે તેની નોંધ કરો. તેઓના ફોટાઓ મેળવો, હસ્તલિખિત અંક તૈયાર કરો.
* ઈતિહાસ લેખનને ઉપયોગી પુસ્તકોનું વાંચન કરો.

---

# ધોરણ-12
# ઈતિહાસ
## અભ્યાસક્રમ સંરચના

**સામાન્ય હેતુઓ :**

(1) જ્ઞાન (Knowledge) : વિદ્યાર્થીઓ ઐતિહાસિક જ્ઞાન મેળવે.

(2) સમજ (Understanding): વિદ્યાર્થીઓ ઐતિહાસિક સમજ કેળવે.

(3) જ્ઞાનનો ઉપયોગ (Application of Knowledge): વિદ્યાર્થીઓ મેળવેલા જ્ઞાનનો ઉપયોગ કરે.

(4) કૌશલ્યો (Skill) : વિદ્યાર્થીઓ અપેક્ષિત કૌશલ્યો કેળવે.

(5) માનસિક શક્તિઓ (Mental abilities) : વિદ્યાર્થીઓ વિવિધ માનસિક શક્તિઓ વિકસાવે.

(6) રસ-અભિરુચિ (Interest) : વિદ્યાર્થીઓ ઈતિહાસમાં રસ-અભિરૂચિ કેળવે.

(7) માનસિક વલણ (Mental attitude) : વિદ્યાર્થીઓ ઈચ્છનીય માનસિક વલણો કેળવે.

(8) ચારિત્ર્ય-નિર્માણ (Character building) : વિદ્યાર્થીઓનું ઈતિહાસના અભ્યાસ દ્વારા યોગ્ય ચારિત્ર્ય ઘડતર થાય.

**વિશિષ્ટ હેતુઓ :**

(1) ઐતિહાસિક સાહિત્ય, સાધનસામગ્રી, ચિત્રો, શિલ્પ અને સ્થાપત્ય પ્રત્યે અભિરુચિ કેળવે.

(2) ભારતમાં બ્રિટિશ સત્તાના ઉદયની માહિતી મેળવે.

(3) ભારતમાં બ્રિટિશ શાસનના સ્વરૂપને સમજે અને શાસનની અલગતાને ઓળખે.

(4) ભારતમાં ઈસ્ટ ઈન્ડિયા કંપનીનાં વહીવટી માળખાનું જ્ઞાન મેળવે.

(5) ઈ.સ. 1857ના અને અન્ય જાણીતા સંગ્રામોનું મહત્ત્વ સમજે.

(6) 1857ના સંગ્રામ પાછળ રહેલા કાર્યકારણના સંબંધને ઓળખે.

(7) દેશભક્તિ અને દેશ રક્ષા માટે સદાય તત્પર રહેવાની ભાવના કેળવે.

(8) ભારતના લોકજીવનના વિવિધ પાસાં પર બ્રિટિશ શાસનની અસરો સમજે.

(9) સંસ્થાનવાદી શાસનના શોષણના સ્વરૂપ તથા એશિયા અને આફ્રિકાની પ્રજાઓના પ્રજાકીય સ્વાતંત્ર્ય ઉપરની તરાપ. ભારતના વિશેષ સંદર્ભમાં ચર્ચા કરે.

(10) રાષ્ટ્રવાદના વિકાસમાં સ્વાતંત્ર્યની ઝંખનાએ આપેલું યોગદાન સમજે.

(11) ભારતની સ્વાતંત્ર્યની લડત માટેની પદ્ધતિઓ તથા સ્વાતંત્ર્ય સેનાનીઓએ આપેલાં બલિદાન સમજે અને તેની કદર કરે.

(12) ભારતના લોકોએ પોતાના સ્વાતંત્ર્ય સંગ્રામમાં ધર્મ, જ્ઞાતિ, જાતિ અને પ્રાદેશિકતાને લક્ષમાં લીધી નથી તે હકીકતની કદર કરે.

(13) ભારતનું સ્વાતંત્ર્ય ઘણા બલિદાનો પછી પ્રાપ્ત થયું છે અને આથી બધા નાગરિકોની ફરજ છે કે રાષ્ટ્રના સ્વાતંત્ર્યનું રક્ષણ અને જતન કરવું જોઈએ એવું સમજે.

(14) દેશ પ્રત્યે ગૌરવ અનુભવે અને રાષ્ટ્રની એકતા તથા અખંડિતતા અંગે પ્રતિબદ્ધ બને.

(15) અહિંસાની જાતિનાં પરિણામો અને તેની પ્રસ્તુતતા સમજે.

(16) દેશના ધાર્મિક, રાજકીય તથા સામાજિક મૂલ્યોનું ગૌરવ અને આદર જાળવવાનું વલણ કેળવે.

(17) લોકશાહીની ઉદાત્ત ભાવનાઓ વિકસાવવાનું વલણ કેળવે.

(18) વિશ્વયુદ્ધ તરફ દોરી જતાં પરિબળો તથા તેનાં પરિણામોનું વિશ્લેષણ કરે.

(19) પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ શાંતિ માટેની પહેલ તથા વિકાસ માટેના પ્રયત્નો સમજે.

(20) 1945 પછી વિશ્વના મુખ્ય રાજકીય બનાવો તથા જોડાણો સમજે.

(21) ભારત બહાર વિદેશમાં થયેલી ક્રાંતિકારી અને રાષ્ટ્રીય ચળવળો અને તેની અસરો સમજે.

(22) આંતરરાષ્ટ્રીય સમજ, વિશ્વબંધુત્વની ભાવના, વિશ્વશાંતિની ચાહના રાખવાનું વલણ કેળવે.

(23) મહાપુરુષોના ગુણો ગ્રહણ કરવા પ્રેરાય.

(24) સારા નાગરિક બનવા પ્રેરાય.

(25) ઐતિહાસિક ઘટનાઓની સત્યાસત્યતા પારખતા શીખે.

(26) આયોજિત ઔદ્યોગિક વિકાસની જરૂરિયાત અને ટકાઉ વિકાસમાં સરકારની ભૂમિકાની ચર્ચા કરે.

(27) રાષ્ટ્રીય અર્થતંત્રમાં ખેતીનું મહત્ત્વ સમજે.

(28) સતત સંકોચિત થતા જતા વિશ્વમાં પરિવર્તન અને સંચારના મહત્ત્વને સમજે.

(29) દેશના આર્થિક વિકાસમાં વ્યાપારની ભૂમિકા સમજે અને બદલાતી તરાહનું વિશ્લેષણ કરે.

## અર્વાચીન ભારત

**એકમ 1 : પૂર્વભૂમિકા અને અર્વાચીન ભારતના ઇતિહાસની આધારસામગ્રી**

**એકમ 2 : 18મી સદીના ભારતનો ઉત્તરાર્ધ અને સત્તાપ્રાપ્તિ માટે સંઘર્ષ**

- હૈદરાબાદ અને કર્ણાટક, બંગાળા, આસામ અને ઉત્તર-પૂર્વીય અવધ (અયોધ્યા), મ્હૈસૂર, દિલ્હીની આસપાસનો પ્રદેશ, બંગેશ પઠાણો અને રોહિલાઓ, રાજપૂતાના, શીખો અને મરાઠી સત્તા.

**એકમ 3 : ભારતમાં યુરોપિયનોનું આગમન**

- યુરોપીય કંપનીઓ અને ભારતમાં તેમની વસાહતો
  પોર્ટુગીઝો (ફિરંગીઓ), ડચ (વલંદાઓ), બ્રિટિશ અને ફ્રેન્ચ ઇસ્ટઇન્ડિયા કંપની
- ભારતમાં ઇંગ્લૅન્ડ અને ફ્રાન્સ વચ્ચે સત્તાસંઘર્ષ
- બંગાળમાં બ્રિટિશ સત્તાની પકડ (British occupation)
- બંગાળામાં દ્વિમુખી વહીવટીતંત્ર
- હેસ્ટિંગ્સ (1813-1822)ના સમયમાં બ્રિટિશ કંપનીની સર્વોપરિતાની સ્થાપના
- સિંધ પર વિજય
- ડેલહાઉસી અને ખાલસાનીતિ (Policy of annexation)

## એકમ 4 : ભારતમાં ઈસ્ટ ઇન્ડિયા કંપનીનું વહીવટી માળખું

* સરકારનું માળખું
* સનદી સેવાઓ (સિવિલ)
* લશ્કર
* પોલીસ
* ન્યાયતંત્રનું સંગઠન
* તેની ગુણવત્તા અને ક્ષતિઓ
* અવિશ્વાસનાં તત્ત્વો
* કાયદાનું શાસન અને કાયદા સમક્ષ સૌની સમાનતા

## એકમ 5 : 1857નો સંગ્રામ

* શાસન સામેના અસંતોષનાં કારણો
* 1857ના સંગ્રામનાં તાત્કાલિક કારણો
* શરૂઆત અને વિકાસ
* તેની નિષ્ફળતાનાં કારણો
* સ્વરૂપ અને પરિણામો

## એકમ6 : કંપનીના શાસનની આર્થિક અસરો

- પરંપરાગત અર્થ વ્યવસ્થામાં ભંગાણ - હસ્તકલા - કારીગરીના ઉદ્યોગોનો વિનાશ - કંપનીની મહેસૂલી નીતિની અસરો - કૃષિ ક્ષેત્રે સ્થગિતતા, આધુનિક ઢબના ઉદ્યોગોનો વિકાસ, ગરીબી અને દુષ્કાળો.

## એકમ 7 : સામાજિક અને ધાર્મિક પરિવર્તન

- રાજા રામમોહન રાય અને બ્રહ્મોસમાજ, જ્યોતિબા ફૂલે, સ્વામી દયાનંદ સરસ્વતી અને આર્યસમાજ, રામકૃષ્ણ અને સ્વામી વિવેકાનંદ - મહર્ષિ અરવિંદ - નારાયણ ગુરુ - વીરસલિંગમ - થિયોસૉફિકલ સોસાયટી - સૈયદ એહમદખાન અને અલીગઢ આંદોલન, શીખ સમાજમાં ધાર્મિક સુધારાઓ, સામાજિક ક્ષેત્રે કાયદાઓ ઘડવાની પ્રક્રિયા અને ભારતીય પ્રતિભાવ.

## એકમ 8 : રાષ્ટ્રીય આંદોલન (ઈ.સ. 1857 થી 1905)

- વિદેશી સત્તાના આધિપત્યનાં પરિણામો, દેશનું વહીવટી અને આર્થિક એકીકરણ, પાશ્ચાત્ય વિચારો અને શિક્ષણ તેમજ તેનો ભારત પર પ્રભાવ-મુદ્રણ અને સાહિત્યની ભૂમિકા - ભારતના ભૂતકાળનું પુનઃ સંશોધન - બ્રિટિશરોનું જાતીય અભિમાન (એક ગોરી પ્રજા તરીકે) - રાષ્ટ્રીય મહાસભા (Indian National/Congress) અને ભારતના રાષ્ટ્રીય આંદોલનનો શરૂઆતનો તબક્કો (1885-1905) અન્ય રાજકીય સંગઠનો.

## એકમ 9 : 'સ્વરાજ' માટેનો સંઘર્ષ (ઈ.સ. 1919-1947)

- ઈ.સ. 1919 અને ઈ.સ. 1935માં કરાયેલા બંધારણીય પરિવર્તનો
- મહાત્મા ગાંધીજી અને સ્વાતંત્ર્ય પ્રાપ્તિ માટેની ચળવળ, તેમના સત્યાગ્રહ અને અહિંસાના વિચારો.
- રચનાત્મક કાર્યક્રમો, રોલેટ ઍક્ટના વિરુદ્ધમાં ચળવળ
- જલિયાંવાલા બાગનો હત્યાકાંડ

- ખિલાફત અને અસહકારનાં આંદોલનો
- ક્રાંતિકારીઓની ભૂમિકા
- સાયમન કમિશન અને ભારતના લોકોનો પ્રતિભાવ
- સવિનય કાનૂનભંગની ચળવળ અને દાંડીકૂચ
- મીઠાના સત્યાગ્રહો
- 1935નો હિંદ સરકારનો કાયદો (Indian Councils Act)
- કૉંગ્રેસી પ્રધાનમંડળોની રચના
- 'હિંદ છોડો ચળવળ' - 1942
- સુભાષચંદ્ર બોઝ અને 'આઝાદ હિંદ ફોજ' (INA)
- હિંદમાં કોમવાદનો ઉદય, વિકાસ અને હિંદના ભાગલા
- સ્વતંત્ર બનેલ ભારત અને તેની સમક્ષની તત્કાલીન સમસ્યાઓ.

**એકમ 10 : પ્રગતિનો પંથ અને સુદૃઢ રાષ્ટ્રનિર્માણની પ્રક્રિયા**

- આર્થિક વિકાસના મૉડેલ્સ
- પંચવર્ષીય યોજનાઓ
- ઔદ્યોગીકરણ- 'હરિયાળી ક્રાંતિ', ગરીબ વર્ગોનું ઉત્થાન
- પ્રાથમિક અને ઉચ્ચ શિક્ષણ ઉપર ભાર
- યુનિવર્સિટીઓ અને આઈઆઈટી સંસ્થાઓની સ્થાપના
- અણુસંશોધન અને અવકાશસંશોધન અને અન્ય વૈજ્ઞાનિક અને ટેક્નોલૉજિકલ વિકાસ
- સંદેશાવ્યવહાર અને ઈન્ફર્મેશન ટેક્નોલૉજી
- સર્વોચ્ચ સત્તાઓ અને પડોશી દેશો સાથેના સંબંધો

## સમકાલીન વિશ્વ

**એકમ 11 : 'ભૂમિકા'**

→ વિશ્વ ઈતિહાસમાં પ્રતિબિંબિત થતો સમકાલીન સમય
→ આધુનિક ઈતિહાસ અને સમકાલીન ઈતિહાસ વચ્ચેનો ભેદ
→ સમકાલીન ઈતિહાસની લાક્ષણિક બાબતો
→ સમકાલીન વિશ્વની ઐતિહાસિક ભૂમિકાનું વ્યાપક સર્વેક્ષણ

**કમ 12 : 'આધુનિક યુગનો આરંભ'**

> નવજાગૃતિ
> ધર્મસુધારણા
વૈજ્ઞાનિક સંશોધનો
ભૌગોલિક શોધખોળો
સંસ્થાનવાદનો ઉદય
અમેરિકાનો સ્વાતંત્ર્ય સંગ્રામ (1776)

→ ફ્રાંસની મહાન ક્રાંતિ (1789)

→ ઈટાલી અને જર્મનીના વિશિષ્ટ સંદર્ભમાં રાષ્ટ્રવાદનો ઉદય

→ ઈંગ્લેન્ડમાં સંસદીય (Parliamentary) પદ્ધતિનો વિકાસ

→ સમાજવાદી વિચારસરણીનો ઉદ્‌ભવ

**એકમ 13 : 19મી સદીના અંતે વિશ્વની સ્થિતિથી પ્રથમ વિશ્વયુદ્ધના અંત સુધી**

- પ્રથમ વિશ્વયુદ્ધ તરફ દોરી જનારાં પરિબળો
- ભારત સહિત પ્રથમ વિશ્વયુદ્ધનાં પરિણામો
- રશિયન ક્રાંતિ - 1917

**એકમ 14 : ઈ.સ. 1919 થી 1939 વચ્ચેનું વિશ્વ**

- રાષ્ટ્રસંઘ (League of Nations)
- ઈટાલીમાં ફાંસીવાદ - આર્થિક મહામંદી, તેના આર્થિક, સામાજિક અને રાજકીય પરિણામો
- જર્મનીમાં નાઝીવાદ 'ન્યૂડીલ' વિશ્વમાં અમેરિકાનું વધતું જતું મહત્ત્વ
- ઈંગ્લૅન્ડ અને ફ્રાન્સમાં આવેલાં પરિવર્તનો
- યુ.એસ.એસ. આર.નો ઉદય
- આફ્રિકા અને લેટિન અમેરિકામાં આવેલ પરિવર્તન (1919-39)
- એશિયામાં રાષ્ટ્રવાદી આંદોલનો
- જાપાનમાં લશ્કરવાદ
- વિશ્વસત્તા તરીકે જાપાનનો ઉદય
- આક્રમક અને તૃષ્ટિકરણની નીતિ
- ચીન ઉપર જાપાનનું આક્રમણ
- ઈથોપિયા ઉપર ઈટાલીનું આક્રમણ
- વૈશ્વિક બનાવોમાં નાઝી જર્મનીની ભૂમિકા
- કૉમિન્ટર્ન (Comintern) વિરોધી કરાર
- મ્યુનિચ કરાર

**એકમ 15 : દ્વિતીય વિશ્વયુદ્ધ : 1939-45**

- દ્વિતીય વિશ્વયુદ્ધનાં કારણો
- જર્મનીનું પૉલેન્ડ ઉપર આક્રમણ અને વિશ્વયુદ્ધનો પ્રારંભ
- ફ્રાંસનું પતન - યુદ્ધની વિશ્વ વ્યાપકતા
- યુ.એસ.એસ.આર. ઉપર આક્રમણ
- યુદ્ધમાં યુ.એસ.એ નો પ્રવેશ
- યુદ્ધના તબક્કા (Course of the War)
- યુદ્ધનો અંત-યુદ્ધે વેરેલો વિનાશ
- અણુબૉમ્બ
- યુદ્ધોતર વિશ્વની પુનર્રચના

- સંયુક્ત રાષ્ટ્રો (U.N.)
- સંયુક્ત રાષ્ટ્રોની માનવ અધિકારોની ઘોષણા

**એકમ 16 : દ્વિતીય વિશ્વયુદ્ધ પછીનું વિશ્વ**

- સામાન્ય લક્ષણો
- દ્વિતીય વિશ્વયુદ્ધ પછીના વિશ્વની પુંનર્રચના
- સામ્રાજ્યવાદી સંસ્થાઓનું વિઘટન
- નૂતન સંસ્થાનવાદ-વિશ્વ સત્તાઓ તરીકે યુ.એસ.એ. અને યુ.એસ.એસ.આર. નો ઉદય
- ઈઝરાયેલની રચના
- ચીનની ક્રાંતિ 1949
- "નાટો અને વોર્સો" કરાર
- ઠંડુ યુદ્ધ- યુરોપ ઉપર ઠંડા યુદ્ધની સામાજિક અને આર્થિક અસરો
- પરમાણુ શસ્ત્રો
- એશિયા અને આફ્રિકામાં પરિવર્તનો
- સ્વાતંત્ર્ય પ્રાપ્તિ માટેના રાષ્ટ્રીય આંદોલનની સફળતા
- આફ્રિકામાં રાષ્ટ્રીય મુક્તિ ચળવળો
- રંગભેદની નીતિ સામે સંઘર્ષ
- બાન્ડુંગ પરિષદ
- બિનજોડાણ નીતિ

**એકમ 17 : સમકાલીન વિશ્વમાં રાજનીતિ, અર્થકારણ અને સમાજ**

- સમકાલીન વિશ્વમાં રાજ્યનાં મુખ્ય સ્વરૂપો
- ઉદ્યોગીકરણની પ્રક્રિયા અને તેની અસરો
- બિન ઔદ્યોગિક દેશો ઉપર અસર
- વિકાસની સમસ્યાઓ
- આતંકવાદ વગેરે

**એકમ 18 : 'વિજ્ઞાન - ટેક્નોલોજીને લીધે સમાજ અને સંસ્કૃતિમાં આવેલાં પરિવર્તનો'**

→ વિજ્ઞાન અને ટેક્નોલોજીમાં આવેલા મુખ્ય પરિવર્તનો
→ શક્તિનાં નવા સ્રોતો
→ ઔદ્યોગિક ઉત્પાદન
→ વાહન અને સંદેશાવ્યવહારનાં સાધનો
→ જીવવિજ્ઞાનમાં આવેલાં પરિવર્તનો
→ ઈન્ફર્મેશન ટેક્નોલોજી
→ સમકાલીન વિશ્વમાં સાહિત્ય, કલા અને સંદેશાવ્યવહારમાં આવેલી ક્રાંતિનો પ્રભાવ
→ સમૂહ માધ્યમો-મુદ્રિત અને વિજાણુ માધ્યમ
→ વર્તમાનપત્રો તથા સોશિયલ મીડિયાનો સમાજ અને સંસ્કૃતિ ઉપર પ્રભાવ

# ધોરણ-12 : ઈતિહાસ

## પ્રકલ્પો (Projects) અને પ્રવૃત્તિઓ :

* કોઈ એક મ્યુઝિયમ (સંગ્રહસ્થાન)ની મુલાકાત લો. ત્યાં ભારતના અર્વાચીન યુગ અને મધ્યયુગના ઈતિહાસ માટેના કયાં કયાં આધાર-સાધનો છે તેની યાદી બનાવો.
* વાસ્કો-દ-ગામાએ શોધેલા જળમાર્ગની માહિતી શિક્ષક પાસેથી મેળવીને દુનિયાના રેખાંકિત નકશામાં દર્શાવો.
* ટીપુ સુલતાન વિશે માહિતી એકઠી કરો.
* ભારતના રેખાંકિત નકશામાં વિદેશી મથકો (ઈસ્ટ ઈન્ડિયા કંપનીના  સમયના) દર્શાવો.
* ડેલહાઉસીએ ખાલસા કરેલાં રાજયોનાં સ્થાન ભારતના રેખાંકિત નકશામાં દર્શાવો.
* ભારતમાં આવેલ અંગ્રેજ ગર્વનરોની યાદી બનાવો.
* બ્રિટીશકાલીન સિક્કાઓ, ચિત્રો અને ટપાલટિકિટો એકત્ર કરો. આલ્બમ તૈયાર કરો.
* ભારતના રેખાંકિત નકશામાં ડચ (વલંદાઓ), પોર્ટુગીઝો (ફિરંગીઓ), ફ્રેંચ અને બ્રિટિશરોએ સ્થાપેલ વેપારી કેન્દ્રો દર્શાવો.
* ગુજરાતના પોલીસતંત્રના વર્તમાન કર્મચારીઓના હોદ્દા પ્રમાણે કક્ષાની યાદી બનાવો.
* કાયદા સમક્ષ સૌની સમાનતા વિષયના સંદર્ભમાં ચર્ચાસભા ગોઠવો.
* 1857ના સંગ્રામના મુખ્ય નેતાઓ નાના સાહેબ પેશ્વા, રાણી લક્ષ્મીબાઈ, તાત્યાટોપે, બહાદુર શાહ વગેરેના જીવન ચરિત્રની પુસ્તિકાઓ મેળવીને વાંચો.
* ભારતના નકશામાં 1857 સંગ્રામવાળા વિસ્તારો દર્શાવો. એ વિસ્તારના નેતાઓની યાદી બનાવો.
* ગુજરાતમાં થયેલ સશસ્ત્ર બળવાની માહિતી એકઠી કરો.
* ગુજરાતના નકશામાં 1857ના સંગ્રામના કેન્દ્રો-સ્થળો દર્શાવો.
* રાષ્ટ્રિય મહાસભાના 1885 થી 1905 સુધીનાં અધિવેશનના સ્થળ અને પ્રમુખોની યાદી તૈયાર કરો.
* રાષ્ટ્રિય મહાસભાના પ્રથમ અધિવેશનમાં ભાગ લીધેલ ગુજરાતના પ્રતિનિધિઓની યાદી તૈયાર કરો.
* સર એ.ઓ.હ્યુમે કરેલ મહાસભાની સ્થાપનાને લગતી પ્રવૃત્તિઓની માહિતી મેળવો.
* ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામના મહાત્મા ગાંધીજી પૂર્વેના નેતાઓની યાદી તૈયાર કરો. તેમના જીવનના તમને ગમેલ પ્રસંગની વિગત તૈયાર કરો.
* ભારતના રાષ્ટ્રીય નેતાઓના જીવન અને મહત્ત્વનાં કાર્યો અંગે ચર્ચાસભાનું આયોજન કરો.
* ક્રાંતિવીરોનાં ચિત્રો ભેગા કરો અને તેમનાં ફાળા વિશે વિગતો દર્શાવો.
* સમાજ સુધારકો અને સ્વાતંત્ર્ય-સેનાનીઓના ચિત્રો/ફોટોગ્રાફસનાં આલ્બમ તૈયાર કરી તેમના પ્રદાન અંગેની નોંધ તૈયાર કરો/હસ્તલિખિત અંકો તૈયાર કરવા.
* રાષ્ટ્રીયગીતો/ રાષ્ટ્રપ્રેમનાં ગીતો અને રાષ્ટ્રપ્રેમને લગતાં સૂત્રોનો સંગ્રહ તૈયાર કરવો. પ્લેકાર્ડ તૈયાર કરવા.
* સ્વાતંત્ર્ય સેનાનીઓની શાળામાં મુલાકાત ગોઠવવી /વાર્તાલાપો યોજવા.

* 'સરદાર', 'ગાંધીજી', 'શહીદ ભગતસિંહ' જેવી ફિલ્મ દર્શાવવી.
* સ્વાતંત્ર્ય સંગ્રામ સાથે સંબંધિત સ્થળો અને સ્મારકોની મુલાકાત લેવી.
* ક્રાંતિકારી શહીદો, ગાંધીજી, સરદાર વલ્લભભાઈ વગેરેનાં જીવનનાં પ્રેરક પ્રસંગોનું પ્રાર્થનાસભામાં વાંચન કરવું/ નિબંધ લેખન અને વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવું
* દાંડીકૂચની યાત્રાનો નકશો તૈયાર કરવો.
* ભારત બહાર વિદેશમાં થયેલી ક્રાંતિકારી, રાષ્ટ્રીય લડતો (ચળવળો)ના દેશો નકશામાં દર્શાવો. તેમાં પ્રદાન કરનાર વ્યક્તિઓનાં ચિત્રો સાથે પરિચય આપતો અંક તૈયાર કરો.
* નેતાજી સુભાષચંદ્ર બોઝના જીવન અને કવનને લગતી માહિતી એકત્ર કરો. તેમના પર લખાયેલાં પુસ્તકોની યાદી તૈયાર કરો
* હિંદના ભાગલાનો સ્વીકાર કેટલે અંશે યોગ્ય હતો ? તે અંગે ચર્ચા સભા ગોઠવો.
* 'ભાગલા પાડો અને રાજ કરો' ની નીતિ પર સામૂહિક ચર્ચા યોજો.
* જિલ્લા વિકાસ અધિકારી પાસેથી જિલ્લા કક્ષાનાં આયોજન વિશેની માહિતી મેળવો.
* ખેતી ઉત્પાદન વધારવા થતાં સરકારના પ્રયત્નોની માહિતી મેળવો.
* દુનિયાના રેખાંકિત નકશામાં ભારત અને પડોશી દેશોનાં સ્થાન દર્શાવો.
* ભારત અને પડોશી દેશોના સંબંધો - જૂથચર્ચાનું આયોજન કરો.
* 19મી સદીના અંતથી પ્રથમ વિશ્વયુદ્ધ સુધીની વિશ્વની અગત્યની ઘટનાઓની ક્રમિક યાદી બનાવો.
* બીજા વિશ્વયુદ્ધ પછીની ઐતિહાસિક ઘટનાઓની સાલ સાથે યાદી તૈયાર કરો.
* નવજાગૃતિના સમયની કલાકૃતિઓની યાદી તૈયાર કરો.
* વિશ્વમાં થયેલ મહત્ત્વની ક્રાંતિઓની સૂચિ તૈયાર કરો.
* વિશ્વશાંતિ અર્થે અમેરિકન પ્રમુખ વુડ્રો વિલ્સનના પ્રયાસોની ચર્ચા કરો.
* બે વિશ્વયુદ્ધો વચ્ચેના વિશ્વની સમસ્યા પર ચર્ચા કરો.
* સંયુક્ત રાષ્ટ્રોના મહામંત્રીઓનાં નામો અને તેમનાં સમયકાળ દર્શાવી તેઓના સમયની અગત્યની ઘટનાઓ દર્શાવો.
* વાહન વ્યવહાર અને સંદેશા વ્યવહારનાં સાધનોની યાદી બનાવો.

---